# Visit of Chief of the Army Staff and Foreign Secretary to Myanmar

October 03, 2020

## ચીફ ઑફ આર્મી સ્ટાફ અને વિદેશ સચિવની મ્યાનમારની મુલાકાત

ઓક્ટોબર 03, 2020

આર્મી સ્ટાફનાં વડા જનરલ એમએમ નરવણે, PVSM, AVSM, SM, VSM, ADC અને ભારતનાં વિદેશ સચિવ શ્રી હર્ષ વર્ધન શ્રૃંગલા 4-5 ઓક્ટોબર, 2020 નાં રોજ મ્યાનમારની મુલાકાત લેવાનું નિર્ધારિત છે. તેઓની મુલાકાત દરમિયાન, આ પ્રતિનિધિમંડળ મ્યાનમારનાં સ્ટેટ કાઉન્સિલર ડાઉ આંગ સાન સુ ક્યી અને મ્યાનમારનાં સશસ્તર બળોનાં કમાન્ડર-ઇન-ચીફ સીનિયર જનરલ મિન આંગ હલેઈંગને મળશે.

ભારત - મ્યાનમાર સંબંધો ઐતિહાસિક, બહુઆયામી છે અને પારસ્પરિક વિશ્વાસ અને આદરથી અંકિત થયેલા છે. ભારત તેની 'પાડોશીઓને પ્રાથમિકતા' અને 'એક્ટ ઈસ્ટ' નીતિઓનાં અનુપાલનમાં મ્યાનમાર સાથેનાં તેનાં સંબંધને ઉચ્ચ પ્રાથમિકતા આપે છે. તાજેતરનાં સમયમાં, બન્ને પક્ષોએ કનેક્ટિવિટી અને વ્યાપાર, વિકાસ પરિયોજનાઓ, ઊર્જા, ક્ષમતા નિર્માણ, સંરક્ષણ અને સુરક્ષા તથા સંસ્કૃતિ અને લોકોથી લોકો વચ્ચેનાં જોડાણો સહિતનાં કેટલાક ક્ષેત્રોમાં તેઓનાં સહકારને મજબૂત બનાવ્યો છે.

પ્રવર્તમાન કોવિડ-19 પરિસ્થિતિને કારણે, બન્ને દેશો વચ્ચે બહુ ઓછા પ્રત્યક્ષ આદાન-પ્રદાનો થયા છે. આ મુલાકાત પ્રવર્તમાન દ્વિપક્ષીય જોડાણોની સમીક્ષા કરવાની અને પારસ્પરિક હિતનાં ક્ષેત્રોમાં સહકાર મજબૂત કરવાની તક પ્રદાન કરશે.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 03, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.